# ECHO OF HIS CALL

# સાદનો પ્રતિસાદ

GUJARATI

India's National Spiritual Newspaper

₹ 10/-

ECHO OF HIS CALL 1969-2019 GOLDEN JUBILEE

Published monthly in ENGLISH, TAMIL, MALAYALAM, TELUGU, HINDI, KANNADA, MARATHI, BENGALI, GUJARATI, ODIYA, ASSAMESE, PUNJABI, NEPALI, URDU, SINHALA & AFRIKAANS

Editor : S. SAM SELVA RAJ — 16 Languages — Associate Editor : Bro. Pankaj C. Wadia

VOL: XXIII YEAR OF OUR LORD JESUS CHRIST, 2021 - MAY NO: 4


## પવિત્ર બાઈબલ

**કૃપા કરી આ ભાગ મોઢે કરો**

**પ્રભુની સ્તુતિ થાઓ!!**

**પુનર્નિયમ ૨૮ : ૧-૮**

૧. અને જો યહોવા તારા દેવની વાણી ખંતથી સાંભળીને તેની જે આજ્ઞાઓ હું આજે તને આપું છું તે સર્વ પાળીને તું તેમને અમલમાં આણશે, તો એમ થશે કે યહોવા તારો દેવ પૃથ્વીની સર્વ દેશજાતિઓ કરતાં તને શ્રેષ્ઠ દેશજાતિ કરશે.

૨. અને જો તું યહોવા તારા દેવની વાણી સાંભળશે, તો આ સર્વ આશીર્વાદ તારા પર આવશે ને તને મળશે.

૩. નગરમાં તું આશીર્વાદિત થશે, ને ખેતરમાં તું આશીર્વાદિત થશે.

૪. તારા પેટનું ફળ તથા તારી ભૂમિનું ફળ, તથા તારાં ઢોરનું ફળ એટલે તારી ગાયોનો વિસ્તાર તથા તારાં ઘેટાંબકરાંના બચ્ચા, આશીર્વાદિત થશે.

૫. તારી ટોપલી તથા તારી કથરોટ આશીર્વાદિત થશે.

૬. તું અંદર આવતાં તેમ જ બહાર જતાં આશીર્વાદિત થશે.

૭. તારા જે શત્રુઓ તારી સામે ચઢી આવે તેઓને યહોવા તારી આગળ માર ખવડાવશે; તારી સામે તેઓ એક માર્ગે ધસી આવશે ને તારી સામેથી સાત માર્ગે નાસી જશે.

૮. યહોવા તારી વખારોમાં ને જેમાં તું તારો હાથ ઘાલે છે તે સર્વમાં તને આશીર્વાદ દેશે; અને જે દેશ યહોવા તારો દેવ તને આપે છે તેમાં તે તને આશીર્વાદ દેશે.

## જો કે દરેક બાબત નિષ્ફળ જશે, ઇશ્વરનું કોઈ પણ વચન નિષ્ફળ જશે નહિ



Even if everything falls on ground waste, none of God's Words will fall on the ground !

**(મુખ્ય મંડળીના પાળક એસ. સામ. સેલ્વરાજ દ્વારા અપાયેલો સંદેશો)**

**"શમુએલ મોટો થયો, ને યહોવા તેની સાથે હતો, તે તેનું એકે વચન નિષ્ફળ જવા દેતો નહિ."** (૧શમુએલ ૩:૧૯)

જ્યારે હું નાનો બાળક હતો, હું મારા માતાના ભાઈ બહેનની દેખરેખ હેઠળ મોટો થયો હતો. મારા પિતા દૂર સૈન્યમાં કામ કરતા હતા અને જ્યારે પણ તેઓ રજાઓમાં ઘેર આવતા, તેઓ મારા માટે ઘણી ભેટો ખરીદીને લાવતા હતા કેમ કે હું કુટુંબમાં ઘણો પ્રિય બાળક હતો. અમે બધા સંયુક્ત કુટુંબમાં રહેતા હતા. એક વાર તેમણે મને ઘણી મોંઘી અત્તરની શીશી આપી જે પરદેશી દેશમાંથી આયાત થઈ હતી. તેમણે મારો ઉત્સાહ વધાર્યો અને મને કહયું કે મારે તે ઘણી કાળજીપૂર્વક વાપરવી. મેં તે આનંદથી સ્વીકારી અને તે મારા સંબંધીઓને, મિત્રોને અને મારી મંડળીના પાળક પણ અને મંડળીમાંના મારા મિત્રોને બતાવી અને ઉત્સાહથી કહ્યું કે તે મારા પિતાએ મને ભેંટ સ્વરૂપે આપી છે.

પણ થોડા દિવસો પછી, જ્યારે હું તે શીશી મારા હાથમાં પકડીને ઊભો રહ્યો હતો, તે મારા હાથમાંથી છટકી ગઈ અને જમીન પર પડી ગઈ અને તેના ટુકડાં થઈ ગયા. મારી આંખોની સામે તે શીશીમાંનું અત્તર જમીન પર એક નાની નદીની જેમ ટપકવા લાગ્યું, વહેવા લાગ્યું, જે આઘાત મેં ઘણાં વર્ષો પહેલા અનુભવ્યો હતો, તે મારા મનમાં હજુ પણ આવ્યા કરે છે.

તમે પણ એવી ઘટનાથી અસર પામ્યા હશો, જેને લીધો તમારૂં જીવન ટુકડાંઓમાં વિખરાઈ ગયું હતું. ઘણી સારી બાબતો જે તમારા હાથની પાસે હતી, તે ચોક્કસ તમારાથી છુટી ગઈ હશે. આજે તમારા માટે મોટા સમાચાર છે! તમારી પાસે તમારા ઇશ્વર પ્રભુ ઇસુ ખ્રિસ્ત છે!! તેઓ તેમના વચન દ્વારા દરરોજ તમારૂં પોષણ કરી શકે છે!!! આ મૂલ્યવાન વચનો ક્યારે પણ નિષ્ફળ જશે નહિ. તેમના વચનથી આશીર્વાદ મેળવવા માટે, તમારે વહેલી સવારે ઊઠવું જોઈએ અને તેમને પ્રાર્થના કરવી જોઈએ, પવિત્રશાસ્ત્ર વાંચવું જોઈએ અને દિવસને માટે તેમનું વચન મેળવવા ધીરજથી રાહ જોવી જોઈએ. આ ટેવ એક કે બે દિવસ માટે કરવાની નથી, પણ તમારી જીંદગીભર કરવાની છે.

"શીલોહમાં યહોવાએ ફરીથી દર્શન દીધું;

(અનુસંધાન પાન ૩ પર)

# ECHO OF HIS CALL - (1969-2019 GOLDEN JUBILEE YEAR)

## *from your dearly beloved brother...*

(ECHO GROUP)





**"...મે તારા પર અખંડ પ્રીતિ રાખી છે."** (યર્મિયા ૩૧:૩)

પ્રભુમાં પ્રિય વહાલા ભાઈઓ અને બહેનો,

આપણા પ્રભુ અને તારનાર ઇસુ ખ્રિસ્તના મધુર નામમાં તમને અને તમારૂ વહાલાઓને પ્રેમાળ શુભેચ્છાઓ.

હું આશા રાખું છુ કે તમે સારા હશો. ઇસુ ખ્રિસ્તમાં સારા મિત્રો અને આ આત્મિક સાહસમાં ભાગીદાર તરીકે, હું કૃપાના સિંહાસન આગળ દરેક દિવસે અને દરેક રાત્રીએ તમને યાદ કરૂં છું. મહેરબાની કરીને જાણો કે તમે મારી પ્રાર્થનાના આવરણ હેઠળ છો. મારા પ્રિય વહાલા પ્રભુ ઇસુ ખ્રિસ્ત કે જેમની હું સેવા કરૂં છું, તેઓ તમને ક્યારેય અસ્વસ્થ રાખશે નહિ અને તમને છોડી દેશે નહિ.

હમેશાંની જેમ, આ દિવસોમાં પણ હું વહેલી સવારથી મધ્યરાત્રી સુધી ઘણો વ્યસ્ત રહું છું. મારી કૌટુંબિક જવાબદારી ઉપરાંત પ્રભુ ઇસુ ખ્રિસ્તની સેવા કરતા, પ્રાર્થનામાં, લખવામાં, ઉપદેશ આપવામાં, શિક્ષણમાં, વહીવટી કામોમાં નાણાકીય બાબતોમાં વગેરેમાં. હું ઘણું સારૂં કરી રહ્યો છું. "યહોવા મારો પાળક છે; તેથી મને કશી ખોટ પડશે નહિ. તે લીલાં બીડમાં મને સુવાડે છે; તે શાંત પાણીની પાસે મને દોરી જાય છે. તે મારા આત્માને તાજો કરે છે; પોતાના નામની ખાતર તે મને ન્યાયીપણાને માર્ગે ચલાવે છે. જો કે મરણની છાયાની ખીણમાં હું ચાલું, તોયે હું કંઈ પણ ભૂંડાઈથી બીશ નહિ; કેમ કે તુ મારી સાથે છે; તારી લાકડી તથા તારી છડી મને દિલાસો દે છે." (ગીતશાસ્ત્ર ૨૩:૧-૪).

અમારી મિનિસ્ટ્રીજ, જેવી કે **મુખ્ય મંડળી, શાખા મંડળીઓ, ૧૭ ભાષાઓનું ઇકો ઓફ હીજ કોલ સામાચિક, બાઈબલકોર-મૂળભૂત પત્રવ્યવહાર અભ્યાસક્રમો, નહેમ્યાહ બાઈબલ કોલેજો, સુવાર્તા છાપખાનું, સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન શાળા** વગેરે, ઇશ્વર કૃપાથી સારી રીતે ચાલે છે. અમારા રક્ષણ માટે અને વિસ્તરણ માટે મને તમારી પ્રાર્થનાથીની જરૂર છે.

### નહેમ્યાહ બાઇબલ કોલેજ

આ દિવસોમાં, અમારી નહેમ્યાહ બાઈબલ કોલેજના અદ્યતન રીતે વિસ્તરણ માટે અને પ્રવૃત્તિઓની મજબૂતી માટે ઈશ્વર અમારા પર દબાણ કરી રહયા છે. આ એક અલગ પ્રકારે એક ચેરમેન કે જે જાણીતા બાઈબલ વિદ્વાન છે, (યોગ્ય લાયકાત ધરાવતા જૂથો અને અનુભવી સભ્યોની), તેમની દેખરેખ હેઠળ કામગીરી કરી રહી છે. અમે પહેલેથી જ એશિયા થીઓલેજીકલ એસોસિયેશન (ATA), ભારત જે માન્યતા આપનાર એક નંબરની સંસ્થા છે, તેમની પાસે માન્યતા માટે અરજી કરી છે. તેમના ધોરણોને સંતોષવા માટે અમારે અમારૂં પુસ્તકાલય વિકસિત કરવું પડશે, વધુ પુસ્તકો સાથે.

જો તમારી પાસે એવા વપરાયેલા કે નવા પુસ્તકો હોય, તો તે તમે અમારી બાઈબલ કોલેજને દાન કરી શકો છો. તાજેતરમાં, અમારા એક મિત્ર, જે પરદેશમાં રહે છે, તેમણે કહયું છે કે તેઓ કાર્ગોમાં જરૂરી પુસ્તકોં અમારી બાઇબલ કોલેજ માટે મોકલી શકે છે. પણ અમારે નૂર ખર્ચ, ડ્યુટી વગેરેનો ખર્ચો ભોગવવો પડશે. આ કદાચ ઘણી મોટી રકમ થાય, જે અમારી ક્ષમતાની બહાર હોય. અમે આ માટે તમારી પ્રાર્થનાની વિનંતી કરીએ છીએ. તમે આ મોટી જરૂરીયાત માટે પ્રાર્થના કરી શકો છો અને જેમ તમને ઇશ્વર દોરે, તેમ કરો, વહાલાઓ, કેમ કે અમને આ પુસ્તકો, અભરાઈઓ, પુસ્તકાલય ટેબલો, કંપ્યુટર વગેરેની અમારા બાઈબલ કોલેજના પુસ્તકાલય માટે અગત્યની જરૂર છે.

**OUR MISSION POLICY**
We should expound and teach the contemporary generation the undiluted teachings of the ancient and early Apostles. It is the need of the hour.


CHIEF EDITORS
Pastor S. Sam Selva Raj
Angeline Selvakumari Henry, M.A., M.Ed.

MANAGING EDITOR
Pastor Alex Samson Sam, B.Th., M.Div.

ADMINISTRATION
Bro. N. Prakasam, M.A., General Manger

EDITORIAL BOARD
Sis. Jesy Veena Sam
Bro. M. Paul Raj, M.A., B.Ed.
Sis. Serena Bevin, M.A., M.Phil., B.Ed.

HEAD OFFICE CO-ORDINATORS
Bro. John Rodrigues
Sis. E. Daisy Rani

ADVISORY BOARD
Adv. Jose Abraham
Adv. N. Balaji, B.Com., B.L.
Dr. S. Rabinder Boaz, M.S.
Er. C.G.S. Babu Rao, B.Tech., M.Tech (DM)
Aud. K. Puratchivendan, M.Com., B.L.



PUBLISHER & PRINTER
Pastor S. SAM SELVA RAJ
Echo of His Call Printers
10, Mohammed Abdullah 2nd Street,
Chepauk, Chennai- 600 005, India.
Phone : (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766
Cell : (+91) 98410 71852, 95661 31858
E.mail : sam@echoofhiscall.org
biblecor@yahoo.co.in
Websites :
www.echoofhiscall.org
www.echoofhiscall.com

## સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન શાળા

બીજી તરફ, અમને અમારી **સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન શાળા માટે, વપરાયેલા પુસ્તકાલયનાં પુસ્તકોની જરૂર છે, જે સામાન્ય હોય, જેમ કે વાર્તા પુસ્તકો, કાલ્પનિક કથાઓ, નવલકથાઓ, દંતકથાઓ, શબ્દકોશો, કોયડાઓ, શબ્દસંગ્રહો, અને નાટકો**. ગરીબ બાળકો તમારા મદદગાર હાથોથી આ પુસ્તકાલયના પુસ્તકો પ્રાપ્ત કરવા માટે અપેક્ષા રાખે છે. જેમ ઇશ્વર પ્રભુ તમને દોરે તેમ કરશો.

વહાલા ભાઈઓ અને બહેનો, તમે કદાચ જાણતા હશો કે અત્યારના દિવસો અમારા જેવા ઇશ્વરના સૈન્યમાં અગ્રેસર રહેનારાઓ માટે અનુકુળ નથી. અમે મોટા શેતાની પડકારોનો અને ધમકીઓનો સામનો કરી રહ્યા છીએ અમારા સ્વાસ્થ્ય, મિશન વિસ્તારો, વહીવટમાં, નાણાંકીય રીતે વગેરે કામોમાં. અમે જે ખરા સંઘર્ષો અનુભવી રહ્યા છીએ, તે પવિત્ર આત્મા પ્રગટ કરો. અમને ખરેખર તમારા સહાયક હાથોની અને પ્રાર્થનાઓની જરૂર છે. અમને દિલાસો મળશે એ જાણીને કે દુનિયામાં કોઈક અમારા સારા વિશે ચિંતા કરે છે કેમ કે અમે તમને પ્રભુ ઇસુ ખ્રિસ્તમાં ઘણો પ્રેમ કરીએ છીએ.

અંતે અમારા જૂના મિત્રો જેઓ અમારા સામાયિકો **ઇકો ઓફ હીજ કોલ** વાંચે છે, તેઓ હવે વયસ્ક થઈ રહ્યા છે અને અમને સહાય કરી શકતા નથી. તેમનામાંના કેટલાકે તેમનું સરનામું બદલ્યું છે, જેની અમને બરાબર જાણકારી નથી અને તેને કારણે અમારા ઘણા સામાયિકો પરત આવી રહ્યા છે. આવનાર પેઢીને સુવાર્તા પહોચાંડવા માટે, અમારે નવા વાચકોના સરનામા શોધવાની જરૂર છે. તેથી, અમે તમને વિનંતી કરીએ છીએ કે થોડી પળો લો અને તમારા વહાલાઓના અને પરિવારોના સભ્યોના નામ અને સરનામા લખો, જે તમારાથી દૂર રહેતા હોય, (જો બની શકે તો મોબાઈલ નંબર અને ઇમેલ સરનામા સાથે). અને અમને ઇમેલથી, કે વોટ્સઅપથી મોકલશો. ઇકો ઓફ હીજ કોલની ૧૬ ભાષાઓમાંથી એકમાં વિના મૂલ્ય તમને દર મહિને મોકલવામાં અમને આનંદ થશે.

ઇશ્વર તમને આશીર્વાદ આપો.

ખ્રિસ્ત ઇસુમાં તમારો સેવક,
**પાળક એસ. સામ સેલ્વરાજ**
**૯૮૪૧૨૭૧૮૫૮/૯૮૪૧૮૭૧૮૫૮**

(પાન ૧ પરથી આગળ)

કેમ કે યહોવાના વચન દ્વારા યહોવા શીલોહમાં શમુએલને પોતાનું દર્શન દેતો હતો. અને શમુએલનું વચન સર્વ ઇસ્રાએલ પાસે આવતું હતું." (૧શમુએલ ૩:૨૧,૪:૧).

પવિત્રશાસ્ત્ર કહે છે દેવનું કોઈ પણ વચન નિષ્ફળ જશે નહિ. (૧ શમુએલ ૩:૧૯). આ માટે ત્યાં ઘણા કારણો છે. જ્યારે પ્રભુ ઇસું ખ્રિસ્ત કોઈ વ્યક્તિ પર તેમના હાથ મૂકે છે અન તેનો ઉપયોગ કરવાનું શરૂ કરે છે, તે કામચલાઊ સમય માટે નથી. પણ તે કાયમ માટે છે. "જે તમને આમંત્રણ આપે છે તે વિશ્ર્વસનીય છે, તે એમ કરશે." (૧ થેસ્સલોનિકીઓને પત્ર ૫:૨૪).

કાળવૃત્તાંતના રજા પુસ્તકમાં ૬:૪માં આપણે વાંચીએ છીએ: "ઇસ્રાએલીઓનો દેવ યહોવાને ધન્ય હો કે, જેણે પોતાના મુખે મારા બાપ દાઊદને જે કહ્યું હતું તે તેણે પોતાને હાથે પૂરૂં કર્યું છે." યશાયા ૪૬:૪માં તેઓ ખાતરી આપે છે કે, "તમારા ઘડપણ સુધી હું તે જ છું, પળિયાં આવતાં સુધી હું તમને ઉપાડી લઈશ; મેં ઉત્પન્ન કર્યું છે, ને હું તમને ઊંચકી રાખીશ; હા, હું તમને ઉપાડી લઈશ, ને તમને બચાવીશ." તેથી ચિંતા ન કરો. જો કે તમારી પરિસ્થિતિ વધારે ખરાબ થઈ ગઈ છે, પ્રભુ ઇસુ ખ્રિસ્ત તે વ્યવસ્થિત કરશે.

ઇસ્રાએલના માણસ, શમુએલના જીવનમાં શરૂઆતથી પ્રભુ ઇશ્વરના મહાન કામો તેની જીંદગીનાં અંત સુધી સાચા પડ્યા હતા. તે જ રીતે, તેઓ તમારા જીવનામાં પણ મહાન કામો કરશે અને તેમના વચનો પૂરા કરશે.

### પ્રથમ, શમુએલનું બાળપણ

"પછી એલ્કાનાહ રામામાં પોતાને ઘેર ગયો. અને છોકરો એલી યાજકની આગળ યહોવાની સેવા કરતો હતો. હવે એલીના દીકરા બલિયાલપુત્રો હતા; તેઓ યહોવાને ઓળખતા નહોતા."(૧શમુએલ ૨:૧૧,૧૨). "અને એ જુવાનોનું પાપ યહોવાની દ્રષ્ટિમાં ઘણું મોટું હતું; કેમ કે એ માણસો યહોવાના અર્પણને ધિક્કરતા હતા." (૧શમુએલ ૨:૧૭).

પવિત્રશાસ્ત્ર કહે છે, એલીના દીકરા હોફની તથા ફીનહાસ ઘણી પાપી પ્રવૃત્તિઓમાં સંડોવાયા હતા. (૧ શમુએલ ૨:૧૩-૧૭,૧૪). જો કે એલીએ તેમને ઇસ્રાએલમાં આવા ખરાબ કામો ન કરવાની સલાહ આપી હતી. એલીએ તેમને કહયુ, "ના મારા દીકરાઓ! જે હકીકત હું સાંભળું છું તે સારી નથી; તમે તો યહોવાના લોકો પાસે તેની આજ્ઞાનું ઊલ્લંઘન કરાવો છે. જો કોઈ માણસ બીજા માણસની વિરૂદ્ધ પાપ કરે તો દેવ તેનો ન્યાય કરશે; પણ જો કોઈ માણસ યહોવાની વિરૂદ્ધ પાપ કરે, તો તેને સારૂં કોણ વિનંતી કરે?" (૧ શમુએલ ૨:૨૪,૨૫),



આવી પરિસ્થિતિની વચ્ચે, નાનો બાળક શમુએલ યહોવા દેવની સેવા કરતો હતો. એક નાનો બાળક કેવી રીતે યહોવા દેવની સેવા કરી શકે?

શમુએલના માબાપે તેને એલી યાજક પાસે દેવના મંદિરમાં મૂકયો હતો. બાળકે બધુ કાળજીપૂર્વક અવલોકન કરવાનું શરૂ કર્યુ, જે એલી યહોવા દેવની સેવા કરતી વખતે કરતો હતો. જ્યારે એલી પ્રાર્થના કરતો ત્યારે નાનો

(પાન ૩થી આગળ)
શમુએલ પણ તેના કોમળ પગોને વાળતા, તેના ઘુંટણિયે પડતો હશે. તેણે તેની આંખો બંધ કરી હશે અને તેની પોતાની ભાષામાં ઇશ્વરની સ્તુતિ કરી હશે અને યહોવા દેવની આભાર માન્યો હશે !!! જ્યારે એલી પોતાની આંખો ઊઘાડતો હશે, ત્યારે તેણે ચોક્કસ શમુએલને પ્રાર્થના કરતો જોયો હશે. તેથી, એલીએ તેના પ્રેમાળ હાથો વડે શમુએલને શાબાશી આપી હશે. તે ક્ષણે એલીએ બાળક શમુએલને આશીર્વાદ આપ્યો હશે.

પવિત્રશાસ્ત્ર કહે છે કે શમુએલની મા તેને માટે એક નાનો અંગરખો બનાવતી હતી અને દર વર્ષે તેને માટે લાવતી હતી. શમુએલ શણનો એફોદ પહેરીને યહોવા દેવની હજૂરમાં સેવા કરતો હતો. (૧ શમુએલ ૨:૧૮.૧૯). એફોદ વસ્ત્ર મોટે ભાવે પ્રમુખ યાજક પહેરતો હતો, જ્યારે તે પરમપવિત્રસ્થાનમાં પ્રવેશ કરતો.

જ્યારે શમુએલ હજુ નાનો બાળક હતો, જ્યારે તેની મા હાન્નાએ યાજકના જેવું વસ્ત્ર તેણીના બાળક માટે સીવ્યું હશે. મને યાદ છે. મારી મા, પાળકો જે વસ્ત્ર પહેરે છે, તેવું વસ્ત્ર મારા માટે સીવતા હતા! તેણી મારા વસ્ત્ર જોઈને રાજી થતી હતી. તે વસ્ત્ર પહેરીને મારા દેવળની અંદર જતા ઘણા લોકોએ મને જોયો હતો. ઘણા લોકોએ હું પાળક હોઉં તેવી રીતે ઉપદેશ કરવાની રમત રમતો મને જોયો હતો. તેથી, તેમણે દીપ્પણી કરી હતી કે ભવિષ્યમાં હું ઇશ્વરનો સારો સેવક બનીશ.

આજના માબાપને જુઓ! બાળક છોકરો હોય કે છોકરી, તેઓ તેમના બાળકો માટે આધુનિક વસ્ત્રો ખરીદે છે, જેથી તેઓ સિનેમાના કલાકારો જેવા લાગે અથવા જોકર જેવા! માબાપો તેમના બાળકોને દુન્યવી ઢબમાં રાખવા ઇચ્છે છે. બાળકો તેમના વાળની ઢબ ખરાબ રીતે બનાવે છે અને નાની ઉમરમાં જ દેહની લાલચમાં પડે છે. " રાત ઘણી ગઈ છે, દિવસ પાસે આવ્યો છે; માટે આપણે અંધકારના કામો તજીને પ્રકાશનાં હથિયારો સજીએ. દિવસે જેમ ઘટે તેમ આપણે શોભની રીતે વર્તીએ; મોજશોખમાં તથા નિશામાં નહિ, વિષયભોગમાં તથા લંપટપણામાં નહિ, ઝઘડામાં તથા અદેખાઈમાં નહિ. પણ તમે પ્રભુ ઇસુ ખ્રિસ્તને પહેરી લો, અને દેહને માટે, એટલે તેની દુષ્ટ વાસનાઓને અર્થે,, ચિંતન ન કરો. (રોમનોને પત્ર ૧૩:૧૨-૧૪).

## એક અનુભવ!

એક વાર જ્યારે હું એક ખાસ જગ્યાએ સેવા કરવા જઈ રહ્યો હતો, મને એક ઇશ્વરના સેવકને અને તેમના પરિવારને મળવાની તક મળી. જ્યારે હું તે ઇશ્વરના સેવકની સાથે વાત કરી રહ્યો હતો, એક માણસ, કાનમાં આભૂષણ પહેરીને અને ચેન પહેરીને એક છોકરી જેવો,, અમારી આગળથી પસાર થયો. મેં તેમને પુછ્યું, "તમારી દીકરી શું ભણે છે?" તેણે કહ્યું કે તે તેમની દીકરી નથી પણ દીકરો છે! તેમણે કહ્યું કે તેમના શહેરમાં એક ખ્રીસ્તી જુવાનોની સંગત ભરાઈ હતી. બધા માણસોએ તે સંગતમાં સ્ત્રીઓના જેવા વસ્ત્ર પહેર્યા હતા અને છોકરીઓ જેવા દેખાતા હતા! જ્યારે અમે બોલી રહ્યા હતા મેં એક બીજા છોકરાને અંદર પ્રવેશતા જોયો. મેં તેમને પૂછ્યું, "આ છોકરો કોણ છે?" તેમણે દુઃખ સાથે કહ્યું, "આ મારો દીકરો નથી પણ મારી દીકરી છે." ઘણા ખ્રિસ્તી પરિવારો પર શેતાન તેની છાયા ચુસ્તપણે પસરાવી રહ્યો હતો અને તેમને નરક તરફ ધકેલી રહ્યો હતો.

"કેમ કે અમે પ્રભુ ઇસુ તરફથી કઇ કઈ આજ્ઞાઓ આપી તે તમે જાણો છો. કારણ કે દેવની ઇચ્છા એવી છે કે, તમારૂં પવિત્રીકરણ થાય એટલે કે તમે વ્યભિચારથી દૂર રહો; અને તમારામાંનો દરેક, દેવને ન જાણનારા વિદેશીઓની પેઠે, વિષયવાસનામાં નહિ, પણ પવિત્રતામાં તથા માનમાં પોતાનું પાત્ર રાખી જાણો; અને તે બાબતમાં કોઈ અપરાધ કરીને પોતાના ભાઈનો અન્યાય કરે નહિ; કારણ કે પ્રભુ એવાં સઘળાં કામનો બદલો લેનાર છે, તે બાબતે અમે અગાઉ પણ તમને કહ્યું હતું, ને પ્રમાણ આપ્યું હતું. કેમ કે દેવે આપણને અશુધ્ધતાને સારૂં નહિ, પણ પવિત્રતામાં તેડયા છે. એ માટે જે અનાદર કરે છે તે તો માણસનો નહિ; પણ તમને પોતાનો પવિત્ર આત્મા આપનાર દેવનો અનાદર કરે છે." (થેસ્સલોનિકીઓને ૧લો પત્ર ૨:૪-૮).

શમુએલના જીવન પ્રવાસમાં, ઇશ્વરનું કોઈ પણ વચન નિષ્ફળ ગયું નહિ. વહાલા, માબાપો, તમે તમારા બાળકોનો ઊછેર કેવી રીતે કરો છો?

## બીજુ, શમુએલની જુવાની

"એ જુવાનોનું પાપ યહોવાની દ્રષ્ટિમાં ઘણું મોટું હતું."



"બાળક શમુએલ મોટો થતો ગયો, ને યહોવાની તેમજ માણસોની કૃપા તેના પર હતી." (૧ શમુએલ ૨:૧૭,૨૬)

એલીના દીકરાઓ પૂર્ણપણે પાપમાં જીવતા હતા. પણ બીજી તરફ, આપણે જોઈએ છીએ, શમુએલ, એક જુવાન છોકરો, ઇશ્વરની અને માણસોની કૃપા મેળવી રહયે હતો. ઇશ્વર આ બન્ને લોકોને જોતા હતા. તેઓ કોને આશીર્વાદ આપશે?

(અનુસંધાન પાન ૬ પર)


## એક પ્રેમભરી વિનંતી

જેમ તમે જાણો છો અમારી જરૂરીયાતો જેવી કે કાર્યાલયવર્ગનો પગાર, કાગળ ખરીદવાનો ખર્ચ અને મૂસાફરી ખર્ચ પૂરા કરવા માટે અમે સખત તંગી અનુભવીએ છીએ. સાધારણરીતે અમે અમારી નાણાંકિય જરૂરીયાતો માટે બીજાઓને કહેતા નથી. પણ અમે એવા લોકો, જેઓ આ મિનિસ્ટ્રીને ખરેખર ચાહે છે, તેમને વિનંતી કરીએ છીએ કે તમારા દાનો મનીઓર્ડર, ચેક અથવા ડિમાન્ડ ડ્રાફ્ટ, ફોન પે, એનઇએફટી અથવા અન્ય પદ્ધતિથી મોકલી શકો છો. અને આ મિનિસ્ટ્રીમાં અમને સહાય કરી શકો છો.

વધુ માહિતી માટે કોલ કરો– +91 9841271858 / 9841071858

**સંપાદક-ઇકો ઓફ હીજ કોલ**
**એસ. સામ સેલ્વરાજ**

GREAT COMMISSION PARTNERS
ECHO OF HIS CALL MINISTRIES
SINCE 1969

# મહાન આદેશના ભાગીદારો

વહેંચવું (ગલાતીઓને પત્ર ૬:૨), મદદ કરવી (રોમનોને પત્ર ૧૨:૧૩), અને ઝડપ કરવી (૨ તિમોથીને પત્ર ૧:૬)



**સ્તુતિ અને પ્રાર્થનાની વિનંતીઓ / મુદ્દાઓ- ૧૯ મે ૨૦૨૧ થી ૧૮ જૂન ૨૦૨૧ સુધી**

(મેહરબાની કરીને આ પાન કાઢો, તેને વાળો અને તે તમારા બાઈબલમાં મૂકો અને નિરંતર પ્રાર્થના કરો)

## ઈશ્વર કાર્ય કરે છે.

## સ્તુતિનાં મુદ્દાઓ

મે ૧૯ : ઇકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રી માટે આવો આપણે ઇશ્વરની સ્તુતિ કરીએ.

મે ૨૦ : અમારી મુખ્ય મંડળીના વડિલ સભ્યો માટે ઇશ્વરની સ્તુતિ થાઓ.

મે ૨૧ : અમારી મુખ્ય મંડળીના સર્વ પુરૂષ અને સ્ત્રી સભ્યો સારી રીતે આશીર્વાદિત થયા છે.

મે ૨૨ : અમારૂં ઇકો ઓફ હીજ કોલ સામયિક ૧૭ ભાષાઓમાં અમારા છાપખાનામાં છપાય છે અને વિવિધ મિશન ક્ષેત્રોમાં મોકલાય છે.

મે ૨૩ : અમારા પ્રાર્થના ભાગીદારો, લવાજમ ભાગીદારો, વિશ્વાસના ભાગીદારો, જીવન ભાગીદારો અને મહાન આદેશના ભાગીદારોને અને તેમના કુટુંબના સભ્યોને માટે ઇશ્વરની સ્તુતિ કરીએ.

મે ૨૪ : અમારી મંડળીઓના પાળકો અને અધિકારીઓ માટે આવો ઇશ્વરની સ્તુતિ કરીએ.

મે ૨૫ : વણખેડાયેલા વિસ્તારોમાં સુવાર્તા પહોંચાડવાના આશીર્વાદ માટે આવો ઇશ્વરની સ્તુતિ કરીએ.

મે ૨૬ : અમારી મુખ્ય મંડળીમાંની ભજનસેવાઓ જે સવારે ૮.૦૦ થી સાંજે ૮.૦૦ સુધી ભરાય છે, તેને માટે ઇશ્વરની સ્તુતિ કરીએ.

મે ૨૭ : બાલાજીનર, સંથોષપૂરમ, અને વેલાચેરીમાં ભરાતી રવિવારની ભજનસેવાઓ માટે આવો ઇશ્વરની સ્તુતિ કરીએ.

મે ૨૮ : અમારી સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન શાળા અને તેનો વહીવટ ચલાવતા અસરકારક કર્મચારી સભ્યો પર આશીર્વાદ આવે.

મે ૨૯ : અમારા સર્મથકો માટે આવો સ્તુતિ કરીએ.

મે ૩૦ : પાછલા મહિનામાં થયેલી સર્વ મિનિસ્ટ્રીયલ સેવાઓ માટે ઇશ્વરની સ્તુતિ કરીએ.

મે ૩૧: અમારા રાજ્ય સહ-સંયોજકો અને તેમના પરિવારો માટે ઇશ્વરની સ્તુતિ કરીએ.

જૂન ૦૧: અમારી મંડળીમાં આવનાર નવા લોકો અને વિશ્વાસીઓ માટે સ્તુતિ કરીએ.

જૂન ૦૨: અમારા મિશનરીઓ અને તેમના પરિવારના રક્ષણ માટે ઇશ્વરની સ્તુતિ થાઓ.

જૂન ૦૩: ઇશ્વર અમારા વડિલ પાળક એસ. સામ સેલ્વરાજ અને તેમના પરિવારના સભ્યોને દરેક દુષ્ટ પરિબળોથી રક્ષણ આપે છે.

## પ્રાર્થનાનાં મુદ્દાઓ / વિનંતીઓ

જૂન ૦૪ : દુનિયાની શાંતિ માટે આવો પ્રાર્થના કરીએ.

જૂન ૦૫ : આ મહિનાની સેવાકીય પ્રવૃતિઓ માટે અને તેની સારી ઉપજ માટે પ્રાર્થના કરીએ.

જૂન ૦૬ : અમારી ઇકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રીજના વિસ્તરણ માટે પ્રાર્થના કરીએ.

જૂન ૦૭ : સર્વ દેશોના લોકોની સલામતી અને એકતા માટે પ્રાર્થના કરીએ.

જૂન ૦૮ : અમારા બાઈબલકોર અને ઇશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમો માટે પ્રાર્થના કરશો.

જૂન ૦૯ : ૧જૂન, ૨૦૨૧થી પુન: શરૂ થતી નહેમ્યાહ બાઈબલ કોલેજ માટે પ્રાર્થના કરશો.

જૂન ૧૦ : અમારે વિશે ચિંતા કરનાર અમારી મંડળીના સભ્યો માટે પ્રાર્થના કરશો.

જૂન ૧૧ : જે લોકો કોવિડ-૧૯ને કારણે ખરાબ રીતે અસર પામ્યા છે, તેમને માટે પ્રાર્થના કરશો.

જૂન ૧૨ : આપણા સર્મથકો, શુભચિંતકો અને મિત્રો માટે આવો પ્રાર્થના કરીએ, જેઓ મિનિસ્ટ્રીને પ્રાર્થનામાં ધરી રાખે છે.

જૂન ૧૩ : દુનિયાના સર્વ પ્રમુખો, વડા પ્રધાનો અને સર્વ સરકારી સત્તાધીશો માટે પ્રાર્થના કરીએ.

જૂન ૧૪ : આપણા સહસંપાદકો રેવ. શશી તિવારી અને રેવ. રામાક્રિષ્ણનનાં ઝડપી સાજાપણા માટે આવો પ્રાર્થના કરીએ.

જૂન ૧૫ : આપણા અંગ્રેજી સહસંપાદક ભાઈ એમ. પોલરાજ સંપૂર્ણ સાજાપણું મેળવે અને શાંતિમય જીવન જીવે માટે આવો પ્રાર્થના કરીએ.

જૂન ૧૬ : આવો આપણા મણિપુરી ભાષાના સહસંપાદક રેવ. ડો. રીશિકાંતા સોરોખાઈબાનને માટે પ્રાર્થના કરીએ, જેઓ બિમાર છે.

જૂન ૧૭ : દુનિયામાંથી કરોના વિષાણુની નાબૂદી માટે પ્રાર્થના કરીએ

જૂન ૧૮ : આપણા વડિલ પાળક એસ. સામ સેલ્વરાજ અને તેમના પરિવારના સભ્યોને દરેક પ્રકારના દુષ્ટ પરિબળોથી સુરક્ષિત જીવન માટે સમર્પિત પ્રાર્થના કરીએ.

(પાન૪ થી આગળ...)

તેઓ કોને ઉપર ઊઠાવશે? તેઓ કોના પર ભરોસો રાખશે?

જ્યારે હું જુવાન માણસ હતો, મારા માબાપે મને પાળક **એસ. દેવાદાસોનને** સોંપ્યો હતો. (પૂર્વ સંપાદક, India Harold of His Coming). મને ઇશ્વરના માણસની સેવા કરવાનો વિશેષાધિકાર માળ્યો હતો. હું તેમની પ્રત્યે ખરો હતો. તેઓ એક સંપૂર્ણતાવાદી હતા, જે દરેક બાબત બરાબર કરતા હતા અને હમેશાં નિયમિત હતા. હું તેમના પ્રત્યે મારી સેવાઓ એવી રીતે કરતો હતો કે મારે તેમને દરરોજ ખુશ રાખવા જોઈએ અને એવું કંઈ પણ કરવું નહિ, જેનાથી તેઓ નારાજ થાય.



મારા પાળક કલાકો સુધી ઘુંટણિયે પડતા, દુનિયાભરના લોકો માટે પ્રાર્થના કરતા. તે સ્થિતિમાં તેમને જોઈને, હું પણ તે રીતે પ્રાર્થના કરતા શીખ્યો હતો. હું પણ દેવના વચન ઘુંટણિયે પડીને વાંચતો હતો અને કલાકો સુધી તેના પર મનન કરતો હતો. તેમની તરફથી બીજી જે બાબતો હું શીખ્યો હતો, તેનો ઉલ્લેખ કરૂં છું. ઇશ્વર તરફથી જ ઇશ્વરનો સંદેશો મેળવવો, ઇશ્વરના વચન પ્રમાણે ચાલવું, વિચારો લખવા, અને તેમનું પ્રકાશન કરવું, ઇશ્વરના વચનાનો ઉપદેશ આપવો, આવકનાં ૧૦% અલગ કરવા અને દશાંશનું દાન આપવું, ખાસ દાનો વડે બીજી મિનિસ્ટ્રીજને સહાય કરવી, ઇશ્વરના કોઈ પણ સેવકને પ્રેમ ખાતર દાન આપવું, જેઓ મને મળવા આવતા, હમેશાં ચોખ્ખ્યા કપડા પહેરવા વગેરે.

હું તેમના તરફથી ઘણી સારી બાબતો શીખ્યો હતો અને મારા દેવે, અને પાળક અને તેમનું વિશાળ કુટુંબ, જેમાં તેમની પત્નિ, બાળકો ડો. ડી.ટી.રાજાહ, ડો.ડી.એસ. સ્પર્જન, ભાઈ થીઓડોર, ભાઈ વેસ્લી દેવાદાસોન, દીકરીઓ અને પૌત્રો હતા, તેમને ખુશ કર્યા હતા. તેઓ પણ મને ઘણો પ્રેમ કરતા હતા. પાછલા દિવસોમાં ઇશ્વરે મને વધુને વધુ આશીર્વાદનો બદલો આપ્યો હતો.

“હું તારા નિયમ પર કેટલો બધો પ્રેમ રાખું છું! આખો દિવસ તેનું જ મનન કરૂં છું. તારી આજ્ઞાઓ મારા શત્રુઓના કરતાં મને બુદ્ધિમાન કરે છે; કેમ કે તેઓ સદા મારી પાસે છે. મારા સર્વ શિક્ષકો કરતાં હું વધુ સમજું છું; કેમ કે હું તારા સાક્ષ્યોનું ધ્યાન ધરૂં છું. વૃધ્ધોના કરતાં હું વિશેષ જાણું છું, કેમ કે મેં તારા શાસનો પાળ્યા છે.” (ગીતશાસ્ત્ર ૧૧૯:૯૭-૧૦૦). મારા જીવનમાં ઇશ્વરે જે કંઈ વાત કરી, તે કોઈ પણ નિષ્ફળ ગઈ નહિ. તેમણે મારૂં રક્ષણ કર્યુ તેમણે મારી જરૂરીયાતો પૂરી પાડી. આમેન.

વહાલા જુવાન માણસ અને વહાલી જુવાન સ્ત્રી, શું હવે દુન્યવી જીવન જીવતા તમને ઉપરોક્ત અનુભવ થયો છે? તમે કેવા વસ્ત્ર પહેર્યા છે? શું તમે અન્યોને આકર્ષિત કરે એવો પોષાક પહેર્યો છે? તમારી જાતને જુઓ! “દેવની મશ્કરી કરાય નહિ” (ગલાતીઓને પત્ર ૬:૭).

આજના જમાનાના કેટલાક જુવાન પુરૂષો અને સ્ત્રીઓને જુઓ, જેઓ પોતાને ઇશ્વરના સેવક કહીને બડાઈ મારે છે. તેમના વસ્ત્ર પહેરવાની રીત જુઓ, તેમની કેશકળા, મૂછ અને દાઢી. તેમની દુન્યવી પણ ખોટા વસ્ત્રની શૈલી. તેઓ વિચારે છે કે તેઓ બીજાઓને આકર્ષિત કરી શકે છે. તેઓ કેટલાક જૂથના જુવાન પુરૂષો અને સ્ત્રીઓને આકર્ષિત કરી શકે છે. તેઓ કેટલાક જુથના જુવાન પુરૂષો અને સ્ત્રીઓને આકર્ષિત કરી શકશે, જેઓ તેમની જેમ પોશાક પહેરે છે. પણ આવી અતિ-આધુનિક મિનિસ્ટ્રીજથી તેઓ ક્યારેય ઇશ્વરને ખુશ કરી શકે નહિ અને કોઇ પણ પાપમાં પડેલી વ્યક્તિને બચાવી શકશે નહિ. ચેતી જાઓ! તે તો શમુએલની નમ્રતા અને વિશ્વાસ હતો જેને કારણે ઇશ્વર અને માણસોને તે રાજી કરી શક્યો, તેની જુવાનીમાં તેના દ્વારા બોલાયેલા ઇશ્વરના કોઈ પણ વચન નિષ્ફળ ગયા નહિ.

વહાલા ઇશ્વરના બાળક, શું તમને આવો અનુભવ થયો છે? કેટલાક જુવાન લોકો જેમને ઇશ્વરે તેમની સેવા કરવા તેડ્યા છે, તેઓ તેમની શરૂઆતના સમયે થોડા વખત માટે ચમકે છે. પણ તેઓ એવા લાંબા સમય સુધી રહી શકતા નથી. ઘણા તેમના લગ્ન પછી પૂર્ણપણે બદલાઈ જાય છે. તેઓ તેમના વસ્ત્રની શૈલી બદલી નાખે છે અને જે સિદ્ધાંતો તેઓ ક્યારેક માનતા હતા, તેને પણ બદલી નાખે છે. તેઓ તેમને ઇશ્વર તરફથી મળેલા તેડાને એક દિવસ ભૂલી જાય છે. તેમનું આત્મિક ધોરણ ગુમાવી દે છે અને સમારી ન શકાય તેવી રીતે તુટી જાય છે. આપણને કદાચ સમાજમાં ઘણા ઉપર ઉછાવવામાં આવે. પણ આપણે પ્રેરિતિય શિક્ષણોને અનુસરવામાં કાળજી રાખવી જોઈએ અને સમકાલીન પેઢીને શરૂઆતના પ્રેરિતોનું શુદ્ધ શિક્ષણ શીખવવું જોઈએ. આ સમયની જરૂરીયાત છે. ઇશ્વરના સેવકો, જેઓ આ શિક્ષણોને વરેલા છે, તેઓ ઇશ્વરની સેવા ઘણા લાંબા સમય સુધી કરી શકે છે અને આશીર્વાદિત જીવન જીવી શકે છે. આવા લોકો માટે વિજય નિશ્ચિત છે. આપણા ઇશ્વર પ્રભુને પણ આવા લોકો જોઈએ છે!

### ત્રીજુ, શમુએલ મોટો થયો, અને યહોવા દેવ તેની સાથે હતા.. (૧શમુએલ ૩:૧૯)

ઇશ્વરની સ્તુતિ થાઓ! હવે શમુએલ પુખ્ત થવાનો હતો. હવે પણ યહોવા દેવ તેની સાથે હતા. પુખ્તતા, બાળપણ અને જુવાની કરતા અલગ હોય છે. જ્યારે તમે બાળક કે જુવાન હો, ત્યારે તમને તમારા પરિવાર અને સમાજનો ટેકો મળવાની શક્યતા હોય છે. જ્યારે તમે પુખ્ત થાઓ, ત્યારે તમારે દેવની કૃપાની વધુ જરૂર હોય છે. તમે પોતાની જાતને વિવિધ પરિસ્થિતિઓમાં જોઇ શકો છો, જેમ કે લગ્ન, બાળકો, નાણાં, સામાજીક જીવન, માંદગી અને કૌટુંબિક સમસ્યાઓ. આવી પરિસ્થિતિઓમાં, તમને ઇશ્વરની સહાયની જરૂર હોય છે. આપણે એકલા ઊભા રહી શકતા નથી અને તેમની દૈવી દયા વગર વિજયી જીવન જીવી શકતા નથી. ઇશ્વરની સહાય જેવી કે સલામતી અને દોરવણી જરૂર જોઈશે.

જ્યારે હું પૂર્ણ સમયની સેવામાં આવ્યો, તે પહેલા સરકારી ખાતામાં કામ કરતો હતો. મારા કાર્યાલયમાં મારો એક મિત્ર હતો. હું બપોરના ભોજનના સમયમાં ટ્રાકો વહેંચતો

હતો અને ઉપદેશ આપતો હતો. હું એક અલગ જીવન જીવતો હતો. આવી બાબતોમાં મારી સંગત જોઈને, મારો મિત્ર મને ચીઢવતો હતો અને મારા ઉપરી અધિકારીઓને મારી ફરીયાદ કરતો હતો. આથી મને માનસિક ત્રાસ થતો હતો. હું તેને માટે પ્રાર્થના કરતો. જ્યારે હું તેને થોડા વર્ષો પછી મળ્યો, મેં આશ્ચર્યજનક રીતે જોયું કે તેનો પહેરવેશ અને વર્તન બદલાઈ ગયા હતા. મેં તેના શર્ટ પર આગળની બાજુ એક બિલ્લો જોયો, જે કહેતો હતો, **"ઇસુ જીવતા છે"** અને તેના હાથમાં પવિત્રશાસ્ત્ર હતું. તે એક અલગ વ્યક્તિ લાગતો હતો!'

મેં આશ્ચર્ય સાથે તેને પૂછયું "વહાલા મિત્ર, તને શું થયું છે? તું મારા કરતા પણ ઝડપી લાગે છે. તેણે જવાબ આપ્યો, "ભાઈ સામ, મેં લગ્ન કર્યા, મારી પાસે સારી નોકરી ન હતી. ઘરમાં શાંતિ ન હતી. અમારી પાસે નાણાંની અછત હતી. અમને બાળકોનો આશીર્વાદ મળ્યો ન હતો. દરેક જણ મારી મશ્કરી કરતા હતા. હું કોઈ પણ રીતે છૂટકારો મેળવવા માગતો હતો. પણ કોઈ પણ મને મારા જીવનમાંથી નિરાશા, અનિંદ્રા અને શાપોમાંથી છોડાવવા આગળ આવ્યા નહિ, મને સર્વોચ્ચ ઇશ્વરની જરૂર હતી, જેઓ મારી સમસ્યાઓને ઉકેલવા ખરેખર મારી સાથે હોય."

"આવી પરિસ્થિતિની વચ્ચે મારા એક પડોશી હતા, જેઓ ગીતો ગાતા હતા અને પોકારતા હતા લાઊડ સ્પીકરમાં એક નામ, જેમનું નામ ઇસુ ખ્રિસ્ત હતું. મને સમજાતું ન હતું કે શું કરવું. એક દિવસ, કોઈને ધ્યાનમાં લાવ્યા વગર, પ્રાર્થના વખતે હું તે નાના પ્રભુમંદિરમાં પ્રવેશ્યો અને એક ખૂણામાં બેઠો. તે પાળક મને જાણતા ન હતા, મારી પર તેમનું ધ્યાન પણ ન હતું અને મારી જરૂરીયાતો વિશે પણ તેઓ માહિતગાર ન હતા, મારા ભંગીત મન વિશે પણ.

પણ તેમણે પવિત્રશાસ્ત્રમાંથી માથ્થી ૧૧:૨૮નું ઉદાહરણ આપ્યું, **"ઓ વૈતરૂં કરનારાઓ તથા ભારથી લદાયેલાઓ, તમે સઘળા મારી પાસે આવો, ને હું તમને વિસામો આપીશ."** આ દરેક શબ્દો મારા હૃદયમાં ઘુસવા લાવ્યા અને હું કંઈક ધ્રુજારી અનુભવવા લાગ્યો. મારી સમજણ અને વિશ્વાસની બહાર હું એક અલૌલિક દૈવી સ્પર્શનો આનંદ લેવા લાગ્યો.

"તે દિવસે મને ભાન થયું કે ત્યાં ઇશ્વર છે અને તેમનું નામ ઇસુ ખ્રિસ્ત છે. કેવો અદ્ભુત અનુભવ! તે જ દિવસે મેં મારા મુખે પ્રભુ ઇસુ ખ્રિસ્તની આગળ મારા પાપોની કબૂલાત કરી, માફી મેળવી અને મારૂં હૃદય બદલાયેલું હતું ભાઈ સામ! મેં તારણનો અનુભવ કર્યો અને મારૂં પરિવાર પણ તારણ પામ્યું. હવે અમને ઇશ્વરનો પવિત્રઆત્મા દોરી રહ્યો છે. મારા તારનાર ઇસુ ખ્રિસ્તે મારી દરેક નિરાશાને કાઢી નાખી છે અને મારી બધી જરૂરીયાતો પૂરી પાડી છે."

વહાલા વાચક, આજે તમને તારનારની જરૂર છે! તમને ઇશ્વરની જરૂર છે!! જે લોકો ખ્રિસ્તી શિક્ષણ વિશે ખોટું બોલે છે, તેને વળગી ન રહો, અથવા તેને સાંભળો નહિ!!! અતિ સામર્થ્યવાન સર્જનકર્તા અને દેવ કહે છે, "મૂર્ખે પોતાના મનમાં માન્યું છે કે, દેવ છે જ નહિ." (ગીતશાસ્ત્ર ૫૩:૧) અને "નાશ પામનારાઓને તો વધસ્તંભની વાત મૂર્ખતા જેવી લાગે છે." (૧ કરિંથીઓને પત્ર ૧:૮). તમે સફળ થવા જનમ્યા છો. "ઊઠ, પ્રકાશિત થા; કેમ કે તારો પ્રકાશ આવ્યો છે, ને યહોવાનો મહિમા તારા પર ઊગ્યો છે." (યશાયા ૬૦:૧)

ઇશ્વરના હમેશાના સાનિધ્યમાં શમુએલ વધતો ગયો. તેથી જે કંઈ બાબતો ઇશ્વર તેની સાથે બોલ્યા, તે ક્યારે નિષ્ફળ ગઈ નહિ. વહાલા મિત્ર, તમે કદાચ બાળક, જુવાન, પુરૂષ અથવા વધતી ઉમરના હોઈ શકો પણ ઇશ્વરનું સામર્થ્ય ક્યારેય ઓછું થતું નથી! આવો, હમણાં તેમની પાસે આવો, વિજય નક્કી છે!!!

## ચોથું, શમુએલ, વૃદ્ધ માણસ

"અને દાનથી તે ઠેઠ બેરશેબા સુધીના સર્વ ઇસ્ત્રાએલીઓએ જાણ્યું કે, યહોવાના પ્રબોધક તરીકે શમુએલ નિમાયો છે." (૧ શમુએલ ૩:૨૦).



"જે તમને આમંત્રણ આપે છે તે વિશ્વસનીય છે, તે એમ કરશે." (૧ થેસ્સલોનિકીઓને પત્ર ૫:૨૪).

**હવે શમુએલ સર્વ ઇસ્ત્રાએલ પર પ્રબોધક અને ન્યાયધીશ હતો. તેને પ્રબોધક તરીકે ઇશ્વર દ્વારા તેડવામાં આવ્યો હતો. (૧ શમુએલ ૩:૨૦). પાછલા દિવસોમાં શમુએલ રામાહમાં રહ્યો અને મિસ્પાહ, ગિલ્ગાલ તથા બેથેલમાં ન્યાયધીશ તરીકે કામ કર્યું હતું. તે પ્રબોધક તથા ન્યાયધીશ હતો.** તેની વૃદ્ધાવસ્થામાં તેના બન્ને પુત્રો તેને સહાય કરતા હતા. કેવો અદ્ભુત અને આશીવાર્દિત માણસ શમુએલ હતો!

ત્યાર પછી ઇસ્ત્રાએલના લોકોને તેમના પર રાજ કરવા રાજા જોઈતો હતો, તેથી, ન્યાયધીશ તરીકે તેણે શાઊલનો રાજા તરીકે અભિષેક કર્યો હતો. તે પ્રબોધક તરીકે અને ન્યાયધીશ તરીકે કામ કરતો રહયો તેના જીવનના અંત સુધી. હું વ્યક્તિગત રીતે શમુએલને ખુબ ચાહું છું.

## એક અનુભવ

જ્યારે હું સરકાર માટે કામ કરી રહ્યો હતો, કાર્યાલયના કામકાજ માટે એક નવી ઇમારત બંધાઈ રહી હતી. જ્યારે બાંધકામ પૂર્ણ થયું, કાર્યાલયનું સ્થળાંતર થાય તે પહેલા કર્મચારી વર્ગ "યાગમ" નામની મૂર્તિપૂજા કરવા માગતા હતા. પણ એક ઉચ્ચ અધિકારી

**અમારી બેન્ક ખાતાની જાણકારી નીચે મુજબ છે મહેરબાની કરીને તમારા રકમની વિગતો અમને જણાવો.**

| બેન્ક | શાખા | નામ | IFSC Code No. | ખાતા નં. |
|---|---|---|---|---|
| ૧. સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડીયા | ત્રીપ્લીકેન, ચેન્નાઈ-૫ | એસ. સામ સેલ્વ રાજ | SBIN0000249 | 102329 34679 |
| ૨. આઈસીઆયસીઆઈ બેન્ક | અન્ના સલાઈ, ચેન્નાઈ-૨ | ઇકો ઓફ હીજ કોલ | ICIC0006038 | 6038 0502 2319 |

જે ખ્રિસ્તી નહતા, તેમણે ત્યાં મને નિર્દેશ આપ્યો મારી પ્રાર્થના કરવા અને મારૂં કાર્યાલય સૌથી ઉપલા માળે ખસેડવાનો આદેશ આપ્યો અને જાહેર કર્યુ કે પૂજારીને બોલાવીને આપવા સમય અને નાણા શું કામ ખર્ચવા જોઈએ, જે પૂજારી દુન્યવી પ્રાર્થના કરે, જ્યારે ઇશ્ર્વરના સેવક સામ સેલ્વરાજ જે કોઈ પ્રાર્થના કોઈ ઇશ્ર્વરને હમેશાં કરે છે. તે આપણી સાથે કામ કરે છે અને તેમણે મારૂં કાર્યાલય પ્રથમ સૌથી ઉપલા માળે ખસેડવા નિર્દેશ આપ્યો અને મારૂં બહુમાન કર્યુ. આમ ઇશ્ર્વરે મને સરકારી સેવક અને પાળક એમ બન્ને વિશેષાધિકાર આપ્યા. તમે જાણો છો કે આગળ સરકારે મને વિશેષ અનુમતિ આપી હતી ઇકો **ઓફ હીજ કોલ મિનિસ્ટ્રી** ચલાવવા માટે.

પછી, જ્યારે ઇશ્ર્વરે શાઊલનો નકાર કર્યો ત્યારે શમુએલે દાઉદનો ઇસ્ત્રાએલના રાજા તરીકે અભિષેક કર્યો હતો. દાઉદ શમુએલને તેનો આત્મિક પિતા માનતો હતો. જ્યારે શમુએલ મરણ પામ્યો ત્યારે સર્વ ઇસ્ત્રાએલે તેને માટે શોક કર્યો હતો.

વહાલા વાચક, શું તમે તમારા જીવનમાં આવી બઢતીનો અનુભવ કર્યો છે?

શમુએલના બાળપણ, જુવાની અને પુખ્તતા દરમિયાન અને તેની વૃધ્ધાવસ્થાની ઊંમરમાં, ઇશ્ર્વરે તેનું રક્ષણ કર્યુ અને તેનું કોઈ પણ વચન નિષ્ફળ જવા દીધું નહિ ઇશ્ર્વર પ્રભુ યહોવા તમારી સાથે પણ રહો, આવા અભૂતપૂર્વ પ્રેમ અને સંભાળ સાથે. વિશ્ર્વાસ કરો અને જીવતા ઇશ્ર્વર ઇસુ ખ્રિસ્ત પાસે આવો. આમેન.

---


## We Need Library Books

we also need used **library books which are general in nature** such as **Story Books, Fictions, Novels, Fables, Dictionaries, Puzzles, Word Twister and Dramas** for our **St. Paul's Matriculation School**. Please Contact :

**Pr. S. Sam Selva Raj,**
**Echo of His Call,**
Cell : 98412 71858 / 98410 71858
E.mail : sam@echoofhiscall.org

## TAX EXEMPTION

Donations by any individual or organization to **Echo of His Call Educational Trust** are eligible for Income Tax exemption under Section 80G of the Income Tax Act. Official receipts will be issued for this purpose. Please make your Demand Drafts / Cheques / M.O. for such donations in favour of **Echo of His Call Educational Trust** and send to us.

| | |
|---|---|
| Account Name | : ECHO OF HIS CALL EDUCATIONAL TRUST |
| Account Number | : 1023 2923 805 |
| Bank Name | : STATE BANK OF INDIA |
| Branch | : TRIPLICANE, CHENNAI - 600 005 |
| IFSC Code | : SBIN 0000249 \| SWIFT Code : SBI NIN BB 455 |

# NEHEMIAH BIBLE COLLEGES Estd.:1992

## ECHO OF HIS CALL MINISTRIES (ESTD.: 1969)

**Recognised by the International Christian Leaders & Senior Pastors for the 50 Years!**

**Applied accreditation for ATA**



**RESIDENTIAL COLLEGE, Velachery**
**(Medium: English & Hindi)**
Course : Certificate Course / Diploma in Theology
Qualification : 10th Standard

**EVENING COLLEGE, Chepauk & Santhoshapuram**
**(Medium : Tamil)**
**Course** : Certificate Course / Diploma in Theology
*Monday, Tuesday & Thursday at 6.30 p.m. to 8.30 p.m.*
(Evening Classes - Chepauk)
Qualification : 10th Standard

**C.Th., - One Year**
**D.Th., - Two Years**

Classes Start on : 01-06-2021

Golden Opportunity! Don't miss!!
God is Calling you!!!

**For more Details & Application Forms Please Contact:**
**Pastor S. Sam Selva Raj, Founder - President**
**Nehemiah Bible College**
10, Mohammed Abdullah 2nd Street, Bells Road, Opp. Cricket Stadium, Chepauk, Chennai - 600 005, India.
Phone : (+91-44) 2852 8282, 2852 9293, 2854 7766, Cell No : (+91) 98410 71852, 95661 31858
E.mail : sam@echoofhiscall.org / biblecor@yahoo.co.in Websites : www.echoofhiscall.org / www.echoofhiscall.com



# ખાડામાંથી મહેલમાં

(પાળક એસ. સામ સેલ્વરાજના જીવનનાં અનુભવો)

"જે કોઈ વાંચે, તે તે સમજે" (માથ્થી ૨૪:૧૫)

## "ઇશ્વર તમારા વિરોધને તકોમાં બદલી નાખી શકે છે"

વર્ષ ૧૯૭૨માં મારા શરૂઆતના દિવસોમાં, મને ઇશ્વરના આત્માએ સઇદાપેઠ, ચૈન્નાઈમાં એક સુવાર્તિક ક્રુસેડ ભરાવવા પ્રેરણા કરી હતી. અમે લોકોને આ ક્રુસેડમાં આમંત્રણ આપવા ભીંત પત્રો, હેન્ડબીલ વગેરે દ્વારા પૂરતી જાહેરાત કરી હતી. મેં મારી સાથેના સહકાર્યકરોની મદદથી જેટલા બની શકે તેટલા લોકોને લાવવાનો પ્રયત્ન કર્યો હતો.

આ કાર્યક્રમ માટે ઘણી બધી પ્રાર્થનાઓ કરવામાં આવી હતી. મારા કેટલાક મિત્રો તેમના સંગીત વાજીંત્રો અને ગીત પુસ્તકો લઈ આવ્યા હતા. ક્રુસેડ શરૂ થવાના સમયે, અમે કોઈને પણ આવતા જોઈ શક્યા નહિ. પણ અમે ઘણા સમયથી રાહ જોતા હતા. અંતે બે ભાઈઓ તે ક્રુસેડમાં સામેલ થવા આવ્યા. મારી જેમ બધા ભાઈઓ, જેમણે આ ક્રુસેડ માટે ઘણી મહેનત કરી હતી, તેઓ ઘણા દુઃખી થયા. તેમણે મને પૂછ્યું કે ઇશ્વરે કેમ અમારી પ્રામાણિક પ્રાર્થનાઓનો જવાબ આપ્યો નહિ. અને અમારી સખત મહેનતને માન આપ્યું નહિ. મેં તેમને કહ્યું કે ઇશ્વર કદાચ તેમની રીતે તેમનો જવાબ આપે. મેં ખરેખર આશા છોડી ન હતી. **મેં મારા પોતાના દેવ યહોવામાં બળ પકડ્યું.** (૧ શમુએલ ૩૦:૬).

તેમ છતાં, અમે ભજનસેવા શરૂ કરી અને મેં એક સામર્થ્યવાન સંદેશો આપ્યો અને તેમાંના એક સહભાગીએ પોતાનું જીવન ઇશ્વર પ્રભુને સોંપ્યું અને ત્યાર બાદ તેણે ઇશ્વર પ્રભુ માટે કામ કરવા પોતાને સોપ્યો.

હવે ઇશ્વરે મને એટલો ઊંચો કર્યો છે કે હું ભારતમાં અને ભારત બહારના દેશોમાં હજારો લોકો આગળ ક્રુસેડોમાં ઉપદેશ આપું છું. ઇશ્વરના નામને મહિમા હો. આ માટે મારે ઘણા વર્ષો સુધી ધીરજથી અને વિશ્વાસથી રાહ જોવી પડી.

વહાલા ભાઈઓ અને બહેનો, શું તમે નિષ્ફળતાની નાંવમાં હંકારી રહ્યા છો? શું તમે માનો છો કે તમારી સર્વ મહેનત અને ઉપવાસભરી પ્રાર્થનાઓ ફળ નથી ઉપજાવતી? કેટલીક વખત ઇશ્વર શાંત હોય છે જ્યારે આપણે મોટા અને તરતની અપેક્ષા સાથે પ્રવૃત હોઈએ છીએ, તેમની કૃપાની, આપણા વિશ્વાસ અને ધીરજની કસોટી કરતા.

**"જેથી તમારા વિશ્વાસની પરીક્ષા જે અગ્નિથી પરખાયેલા નાશવંત સોના કરતાં બહુ મૂલ્યવાન છે તે ઇસુ ખ્રિસ્તના પ્રગટ થવાની વેળાએ સ્તુતિ, માન તથા મહિમા યોગ્ય થાય."** (પિતરનો ૧ લો પત્ર ૧:૭).

**ઇશ્વર તમને આશીર્વાદ આપો.**

## તેમના સાદનો પ્રતિસાદ

૧૬ ભાષાઓમાં પ્રકાશિત થતુ માસિક સામાયિક, બાઈબલ કોલેજો, પત્રવ્યવહાર અભ્યાસક્રમો, ચર્ચ પ્લાંટીંગ, ગ્રામ્ય અગ્રેજી માધ્યમિક સ્કુલ, સુવાર્તા છાપખાનું, ધર્મસભાઓ, પરિસંવાદો, સામાજીક સેવાઓ વગેરે.

**વાર્ષિક લવાજમ : રૂ.૧૦૦/- આજીવન લવાજમ રૂ.૨૦૦૦/-**

**તેમના સાદનો પ્રતિસાદ** (ઇકો ઓફ હીજ કોલ) મિનિસ્ટ્રીની અનેકવિધ પ્રવૃત્તિઓ તમારા જેવા દેવના લોકો દ્વારા મળનાર સ્વૈછીક દાનો પર આધારીત છે. જેમ ઈશ્વર તમને દોરે તેમ તમે ઈકો ઓફ હીજ કોલ અને તેની પ્રવૃત્તિઓને મદદ કરી શકો છો. અમને તમારી મદદની જરૂર છે જેથી અમે વણખેડાયેલા લોકો સુધી સુવાર્તા મોકલી શકીએ અને ચર્ચો ઉભા કરી શકીએ.

જો તમે **ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) સામાયિક નિયમિતપણે મેળવવા માગો છો, તો મહેરબાની કરીને અમારા પર લખો. જ્યારે પણ તમે તમારૂં પત્રવ્યવહાર સરનામું અથવા ઈમેલ સરનામા બદલો, મહેરબાની કરીને અમને તમારા જુના અને નવા સરનામા જણાવશો.

**ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) ૧૬ ભાષાઓમાં અમારી વેબસાઈટ પર ઉપલબ્ધ છે, તમે તે સાઈટ પર જઈને વાંચી શકો તેમજ ડાઊનલોડ કરી શકો અને આશિર્વાદ મેળવો.

તમારા પત્રો, પ્રાર્થના વિનંતિઓ અને તમારી નાણાકીય મદદો (ડી.ડી.દ્વારા, ચેક, મનીઓર્ડર દ્વારા વગેરે) **ઈકો ઓફ હીજ કોલ** મિનિસ્ટ્રી પર નીચે દર્શાવેલા સરનામા પર મોકલી શકો છો.

મહેરબાની કરીને તમારા **ઘરનો ફોન/સેલ નંબરો, ઈમેલ સરનામા** અપડેશન માટે મોકલો.

**ઇકો ઓફ હીજ કોલ**
૧૦, મોહમ્મદ અબદુલ્લાહ બીજી ગલ્લી, ચેપોક, ચેન્નાઈ : ૬૦૦૦૦૫. ભારત
ફોન.: (+૯૧-૪૪) ૨૮૫૨ ૮૨૮૨, ૨૮૫૨ ૯૨૯૩,
૨૮૫૪ ૭૭૬૬, ફોન : ૯૮૪૧૦ ૭૧૮૫૨
ફેક્સ : (+૯૧-૪૪) ૨૮૫૧ ૫૬૫૮.
E-mail : sam@echoofhiscall.org / biblecor@yahoo.co.in
Website : www.echoofhiscall.org / www.echoofhiscall.com

તમે તમારા દાનો ઓનલાઈન પણ મોકલી શકો છો.

RNI NO. 70103/98, Postal Regn. No. TN/CH(C)/203/21-23 WPP NO. TN/PMG(CCR)/WPP-216/21-23

## THIS IS YOUR MINISTRY! PLEASE DO IT FOR GOD'S GLORY!! WE NEED MORE READERS !!!

Please write below atleast 10 names, addresses, E.mail addresses and Cell Phone Numbers of your friends and relatives. We will send **Echo of His Call Magazine** to them as a gift from you each month freely.

1.______________________________

______________________________

2.______________________________

______________________________

3.______________________________

______________________________

4.______________________________

______________________________

5.______________________________

______________________________

6.______________________________

______________________________

7.______________________________

______________________________

8.______________________________

______________________________

9.______________________________

______________________________

10.______________________________

______________________________

**Please use additional sheets if you have more addresses. God will reward you.**

**RNI NO. 70103/98**
**Postal Regn. No. TN/CH/(C)/203/21-23**
**WPP NO. TN/PMG(CCR) / WPP- 216/21-23**
**Date of Publication: Third week of every month**
**Date of Posting : 15th & 16th of every month**
**Posted at "Egmore RMS / 1 Patrika Channel"**
**on 17th MAY 2021**

**If un-delivered please return to:**
**ECHO OF HIS CALL (GUJARATI)**
**P.O. Box No. 2957,**
**Chepauk, Chennai - 600 005, INDIA.**
**Phone: (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766**

*JESUS LOVES YOU!*

**To**

*GOD BLESS YOU!*

Owned and published by **S. Sam Selva Raj** from No.18, Mohammed Abdullah Street, Chepauk, Chennai-600 005 and printed by him at **Echo of His Call Printers** No. 18, Mohammed Abdullah Street, Chepauk, Chennai-600 005. Editor: **S. Sam Selva Raj.**